GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
► When the worlds sleeps
► Our power keeps working
► Ensures uninterrupted Performance
► 24x7 service
► 365 days a year
► Because downtime is not an option
► Soundless power
SAINI
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં
ડીજી સેટ ખરીદો અને મેળવો
૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૨૫ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ ચૌદસ , સોમવાર ૨ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

**ખામેનીના પુત્રી, જમાઈ, વહુ અને પૌત્ર-પૌત્રીઓ પણ હુમલામાં માર્યા ગયા**

**ઇરાન સરકારની 40 દિવસની જાહેર શોક અને સાત દિવસના રાષ્ટ્રીય રજાની જાહેરાત**

**ઇઝરાયલી હુમલામાં ખામેની સહિત ઇરાનના ટોચના 48 નેતા-અધિકારી માર્યા ગયા**

# ખામેનીના મોતની પુષ્ટિ, ભીષણ હુમલા જારી

દુબઈ, તા. 1 (AP): રવિવારે વહેલી સવારે ઈરાની સરકારી મીડિયાએ પુષ્ટિ કરી છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેની અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત સૈન્ય હુમલામાં માર્યા ગયાં છે. 86 વર્ષીય ખામેની તેહરાન સ્થિત તેમના નિવાસસ્થાને હવાઈ હુમલાનો શિકાર બન્યા હતા. આ ઘટનાએ ઈસ્લામિક રિપબ્લિકના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે અને મધ્ય પૂર્વમાં મોટા પાયે પ્રાદેશિક અસ્થિરતાનું જોખમ ઊભું કર્યું છે. ઈરાન સરકારે દેશમાં 40 દિવસના જાહેર શોકની અને સાત દિવસની રાષ્ટ્રીય રજાની જાહેરાત કરી છે. એરબસના સેટેલાઈટ ફોટા દર્શાવે છે કે તેહરાન સ્થિત ખામેનીના કમ્પાઉન્ડ પર ભારે બોમ્બમારો કરવામાં આવ્યો હતો. ખામેની ઉપરાંત, ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ (આઈઆરસીજી) ના વડા અને ખામેનીના મુખ્ય સુરક્ષા સલાહકાર અલી શામખાની સહિત ટોચના 48 નેતા-અધિકારીઓના પણ આ હુમલામાં મોત થયા છે. એક સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ, ખામેનીના પરિવારના સભ્યો, જેમાં તેમનાં પુત્રી, જમાઈ, વહુ અને પૌત્ર-પૌત્રીઓનો સમાવેશ થાય છે, તેઓ પણ આ હુમલામાં માર્યા ગયા હોવાના અહેવાલ છે.

સરકારી ટીવીએ જણાવ્યું હતું

...અનુસંધાન પાના 2 પર

## ખામેનીના ઓફિસ કોમ્પલેક્સ પર 30 મિસાઇલ ઝીંકાઇ

ઇઝરાયલી વાયુસેનાએ જણાવ્યું હતું કે, અમેરિકા સાથે મળીને, તેમણે છેલ્લા 24 કલાકમાં ઈરાન પર 1,200 થી વધુ બોમ્બ ફેંક્યા છે. મધ્ય તહેરાનમાં આવેલી ખામેનીના ઓફિસ કોમ્પ્લેક્સ પર 30 મિસાઇલોથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં 40 કમાન્ડરો માર્યા ગયા હતા, જેમાં તેમની પુત્રવધૂ, પુત્રવધૂ અને પૌત્રીનો સમાવેશ થાય છે. એકસાથે 30 મિસાઇલથી થયેલી હુમલાના કારણે સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા છવાયા હતા.

## ઈરાનમાં 200 લોકોના મોત, 740 ઘાયલ

ઇઝરાયલ અને અમેરિકાએ ઈરાનની રાજધાની તેહરાન સહિત 10 મુખ્ય શહેરોને નિશાન બનાવ્યા છે. 200 થી વધુ લોકો માર્યા ગયા છે અને 740 થી વધુ ઘાયલ થયા છે. ગઇકાલે શનિવારે એક શાળા પર પડેલી મિસાઇલમાં મરણાંક વધીને 165 થયો છે અને 45 ઘાયલ થયા.

## મહિનાઓથી આ હુમલાની યોજના બનાવવામાં આવી હતી

પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ખામેનીને 'ઇતિહાસના સૌથી દુષ્ટ માણસોમાંના એક' ગણાવ્યા હતા. તેમણે ચેતવણી આપી હતી કે ઈરાન પરમાણુ ક્ષમતાઓને નષ્ટ કરવા મા આ 'પિનપોઈન્ટ બોમ્બિંગ' આગામી આખા અઠવાડિયા સુધી ચાલુ રહી શ છે. ઈઝરાયેલના સૈન્ય વડા લેફ્ટન જનરલ ઇયાલ ઝમીરે જણાવ્યું હતું કે, મહિનાઓના આયોજન બાદ અ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે, જેમાં ઈરાનના સૈન્ય મથકો, એર ડિફેન્સ સિસ્ટમ્સ અને મિસાઇલ લો સાઇટ્સ સહિત સેંકડો લક્ષ્યોને નિશ બનાવવામાં આવ્યા છે.

## અમેરિકાના બી-2 બોમ્બર વિમાનોએ ઈરાની મિસાઈલ બેઝ પર હુમલો કર્યો

યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ રવિવારે X પર એક પોસ્ટમાં પુષ્ટિ આપી હતી કે યુએસ સેનાએ શનિવારે રાત્રે B-2 સ્ટીલ્થ બોમ્બર્સનો ઉપયોગ કરીને ઈરાની બેલિસ્ટિક મિસાઇલ સ્થળો પર હુમલો કર્યો હતો. સેન્ટકોમે જણાવ્યું હતું કે 2,000 પાઉન્ડના બોમ્બથી સજ્જ B-2 વિમાનોએ ઈરાનના ફોર્ટિફાઇડ મિસાઇલ બેઝને નિશાન બનાવ્યા હતા. સેનાએ હુમલાનો વીડિયો પણ શેર કર્યો હતો.









## ઈરાનની વળતી કાર્યવાહીમાં ઈઝરાયલ સહિત 9 દેશો પર હુમલો

આ હુમલાના જવાબમાં ઈરાને પણ ભીષણ વળતો પ્રહાર કર્યો છે. ઈરાની કેબિનેટે આને 'મહાન અપરાધ' ગણાવીને બદલો લેવાની ખાતરી આપી છે. ઈરાને ઈઝરાયેલ અને પ્રદેશમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો (બહેરીન, કુવૈત અને કતાર) પર સેંકડો મિસાઈલ અને ડ્રોન છોડ્યા છે. ઈઝરાયેલના

...અનુસંધાન પાના 2 પર

## પુતિને ખામેનીની હત્યા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવી, ચીને પણ ટીકા કરી

**મોસ્કો.** રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીનાં મોત પર શોક વ્યક્ત કરતા તેમની હત્યાને માનવીય નૈતિકતા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવીને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. ક્રેમલિન દ્વારા જારી કરાયેલા શોક સંદેશમાં પુતિને આ ઘટનાને સાર્વભૌમ

...અનુસંધાન પાના 2 પર

## ઈરાનમાં વરિષ્ઠ ધર્મગુરુ આયાતુલ્લાહ અરાફી વચગાળાના સર્વોચ્ચ નેતા તરીકે નિયુક્ત

### ઈરાન સંકટ: વૈશ્વિક નેતાઓની શાંતિ જાળવવા અને વાટાઘાટો શરૂ કરવા અપીલ

**બ્રસેલ્સ.** અમેરિકા અને ઈઝરાયેલના હુમલામાં ઈરાની સુપ્રીમ લીડર આયાતુલ્લા ખામેનીના મોતના સમાચાર બાદ સમગ્ર વિશ્વમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ

...અનુસંધાન પાના 2 પર

### અલીરેઝા અરાફી ઈરાનના મૌલવી પદાનુક્રમમાં એક વરિષ્ઠ વ્યક્તિ અને અનેક હોદ્દા તેમણે સંભાળ્યા છે

તહેરાન, તા. 01 : તેહરાન પર યુએસ-ઈઝરાયલી સંયુક્ત હવાઈ હુમલામાં આયતુલ્લા અલી ખામેનીની હત્યા બાદ વરિષ્ઠ ધર્મગુરુ આયતુલ્લા અલીરેઝા અરાફી ઈરાનના વચગાળાના સર્વોચ્ચ નેતા



તરીકે સેવા આપશે એવો અહેવાલ રાજ્ય સાથે જોડાયેલી ISNA ન્યૂઝ

...અનુસંધાન પાના 2 પર

### એકી ધડાકે 48 ઈરાની નેતાઓના મોત, નવ ઇરાની જહાજ પણ ડૂબાડ્યા : ડોનાલ્ડ ટ્રમ્પ

**વોશિંગ્ટન.** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે દાવો કર્યો હતો કે ઇસ્લામિક રિપબ્લિક વિરુદ્ધ ચાલી રહેલા સંયુક્ત યુએસ-ઇઝરાયલી હુમલામાં 48 ઈરાની

...અનુસંધાન પાના 2 પર

## ઇઝરાયલના બેટ શેમેશમાં ઈરાનનાં મિસાઇલ હુમલામાં આઠના મોત

**જેરુસલેમ.** ઈઝરાયલના જેરુસલેમથી લગભગ ૩૫ કિમી દૂર બેઈત શેમેશમાં એક રહેણાંક મકાન પર સીધા મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હોવાનું બચાવ સેવાઓએ રવિવારે જણાવ્યું હતું. આ સાથે શનિવારથી અત્યાર સુધીમાં ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા લોકોની કુલ સંખ્યા

...અનુસંધાન પાના 2 પર

## હવાઈ હુમલામાં ઈરાનના આર્મી ચીફ અને સંરક્ષણ પ્રધાનનાં મોત

**દુબઈ.** ઈરાની સરકારી ટેલિવિઝને રવિવારે જણાવ્યું હતું કે, દેશની સંરક્ષણ પરિષદની બેઠકને નિશાન બનાવીને કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઈરાનના આર્મી ચીફ અને સંરક્ષણ પ્રધાન માર્યા ગયા છે. જનરલ અબ્દોલ રહીમ મુસવી અને સંરક્ષણ

...અનુસંધાન પાના 2 પર

## ખામેનીને CIA દ્વારા ટ્રેક કરાયા અને ઇઝરાયલ દ્વારા ઉડાવી દેવાયા

**તેહરાન, તા. 01 : ઇઝરાયલે શનિવારે વહેલી સવારે એક હવાઈ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા કરી દીધી. ખામેનીને ઈરાનમાં સૌથી વધુ સુરક્ષાના ઘેરામાં હતા. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે ઇઝરાયલે ખામેનીને કેવી રીતે મારી નાખ્યા, જેને ઈરાન પણ રોકી શક્યું નહીં. ધ ન્યૂ યોર્ક ટાઇમ્સના એક અહેવાલ મુજબ, યુએસ સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (CIA) એ ઈરાની નેતૃત્વની ઉચ્ચ-સ્તરીય બેઠક પર નજર રાખી હતી, અને ત્યારબાદ ઇઝરાયલે લક્ષ્ય પર હુમલો કર્યો હતો. અહેવાલ મુજબ, યુએસ ઇન્ટેલિજન્સે હુમલાના થોડા કલાકો પહેલા સૌથી મહત્વપૂર્ણ લક્ષ્ય - ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેની - ને ઓળખી કાઢ્યું હતું. આ કાર્યવાહીથી પરિચિત સૂત્રોએ જણાવ્યું હતું કે CIA ઘણા મહિનાઓથી ખામેનીની હિલચાલ અને રહેઠાણ પર નજર રાખી રહ્યું હતું, અને સમય જતાં તેની ગુપ્ત માહિતી વધુને વધુ સચોટ બની. સીઆઈએને માહિતી મળી હતી કે શનિવારે સવારે મધ્ય તેહરાનના એક કમ્પાઉન્ડમાં વરિષ્ઠ ઈરાની અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે,**

...અનુસંધાન પાના 2 પર

## અમેરિકા અને ઈઝરાયલે ફરીથી ઈરાન પર હુમલો શરૂ કર્યો

**નવી દિલ્હી.** ઈરાનની સરકારને ઉખેડી ફેંકવાના ઉદ્દેશ સાથે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર વધુ એક વખત ભારે હવાઈ અને મિસાઇલ હુમલાઓ કર્યા છે. સતત બીજા દિવસે કરવામાં આવેલા આ હુમલાઓથી મધ્ય પૂર્વમાં નવો અને અનિશ્ચિત

...અનુસંધાન પાના 2 પર

# મુંબઈ અને દિલ્હી એરપોર્ટ પર સેંકડો આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ

**અનેક** ફ્લાઈટ્સ ડાયવર્ટ થતા મુંબઈ એરપોર્ટ પર પાર્કિંગની અછત સર્જાઈ

**ઈન્ડિયન** એરલાઇન્સની કુલ 350 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રવિવારે રદ થઈ

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ખાડી દેશોની હવાઈ સરહદો બંધ કરી દેવાતા ભારતમાં વિમાની સેવાઓ પર મોટી અસર પડી છે. રવિવારે મુંબઈ અને દિલ્હી એરપોર્ટ પર કુલ 225 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ પૈકી મુંબઈ એરપોર્ટ પર 125 ફ્લાઈટ્સ અને દિલ્હી એરપોર્ટ પર 100 જેટલી ફ્લાઈટ્સ રદ થઈ હોવાના અહેવાલ છે. દિલ્હીમાં ખાસ કરીને પશ્ચિમી દેશો તરફ જતી ફ્લાઈટ્સના શિડ્યુલમાં ફેરફાર અથવા રદ થવાની શક્યતા વધુ છે.

ઈન્ડિયન એરલાઈન્સની કુલ 350 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રવિવારે રદ થઈ છે, જ્યારે શનિવારે 410 ફ્લાઈટ્સ રદ થઈ હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસ અને ઈન્ડિગોએ ખાડી દેશોની ફ્લાઈટ્સનું સસ્પેન્શન 2 માર્ચની મધ્યરાત્રિ સુધી લંબાવ્યું છે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે 5 માર્ચ સુધીની મુસાફરી માટે ફ્રી રિ-શિડ્યુલિંગ અથવા ફુલ રિફંડની ઓફર આપી છે. સ્પાઈસ જેટની પણ યુએઈ જતી-આવતી 33 ફ્લાઈટ્સ રદ થઈ છે.

મુંબઈ એરપોર્ટ પર રવિવારે બપોરે 2:30 વાગ્યા સુધીમાં 67 આગમન અને 58 પ્રસ્થાન ફ્લાઈટ્સ કેન્સલ કરાઈ હતી. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી સ્થિતિને કારણે અનેક ફ્લાઈટ્સ ડાયવર્ટ થતા મુંબઈ એરપોર્ટ પર પાર્કિંગની અછત સર્જાઈ હતી. આથી, એરપોર્ટ સત્તાવાળાઓએ શનિવાર રાતથી રવિવાર સવાર સુધી વધારાની ડાયવર્ટ કરેલી ફ્લાઈટ્સ સ્વીકારવા પર પણ મનાઈ ફરમાવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરની વિવિધ એરલાઈન્સ દ્વારા રવિવાર દરમિયાન અંદાજે 400થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ થાય તેવી શક્યતા છે.

તા. ૦૧-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૯° સે. | ૧૯.૦° સે. | ૩૯% |

# દુબઈ અને શારજાહમાં સેંકડો ભારતીયો ફસાયા, સરકાર પાસે મદદની અપીલ

**ફસાયેલા** લોકોમાં બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ અને બંગાળી અભિનેત્રી શુભશ્રી ગાંગુલી જેવી જાણીતી હસ્તીઓ પણ સામેલ

**ભારતનું** વિદેશ મંત્રાલય દુબઈ વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં

નવી દિલ્હી, તા. 1 (PTI): ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ખાડી દેશોની હવાઈ સરહદો બંધ થતા પશ્ચિમ એશિયામાં વિમાની સેવાઓ ખોરવાઈ ગઈ છે. આ સ્થિતિમાં દુબઈ અને શારજાહ જેવા મુખ્ય એરપોર્ટ પર સેંકડો ભારતીય નાગરિકો ફસાઈ ગયા છે.

મધ્ય પ્રદેશના 700થી વધુ પ્રવાસીઓ, જેમાં પૂર્વ ધારાસભ્ય સંજય શુક્લા અને વિશાલ પટેલનો સમાવેશ થાય છે, યુએઈમાં અટવાયા છે. ફસાયેલા લોકોમાં ઓલિમ્પિક વિજેતા પી.વી. સિંધુ, કર્ણાટકના વિધાન પરિષદના સભ્ય એસ.એલ. ભોજેગૌડા અને બંગાળી અભિનેત્રી શુભશ્રી ગાંગુલી જેવી જાણીતી હસ્તીઓ પણ છે.

પી.વી. સિંધુએ સોશિયલ મીડિયા પર એરપોર્ટ નજીક થયેલા વિસ્ફોટોને કારણે સ્થિતિ ડરામણી હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત, પુણેની ઈન્દિરા સ્કૂલ ઓફ બિઝનેસના 84

...અનુસંધાન પાના 2 પર

# આખરે સેમસનની બેટ બોલતા ભારત વિન્ડીઝને હરાવી સેમી ફાઇનલમાં

**સેમી** ફાઇનલમાં ભારતનો મુકાબલો પાંચમી માર્ચે વાનખેડેમાં ઈંગ્લેન્ડ સામે

કોલકાતા, તા. 01 : ટી-20 વર્લ્ડકપમાં આજે રવિવારે અહીં રમાયેલી ગ્રુપ 1ની છેલ્લી સુપર એઈટ મેચમાં સંજૂ સેમસનની તોફાની ઈનિંગની મદદથી ભારતે વેસ્ટઈન્ડિઝને પાંચ વિકેટે હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી સેમી ફાઈનલમાં ભારતનો મુકાબલો પાંચમી માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડની સામે થશે. આ પહેલા પહેલી સેમી ફાઈનલ કોલકાતા ખાતે ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી

...અનુસંધાન પાના 2 પર




વિસ્તૃત અહેવાલ સ્પોર્ટ્સ લાઈન પર પાના નં. 7

### સેમી ફાઇનલ અને ફાઇનલનું શેડ્યુલ

| મેચ | હરીફો | તારીખ | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| પ્રથમ સેમી ફાઇનલ | ન્યૂઝીલેન્ડ વિ. દ. આફ્રિકા | 04 માર્ચ | કોલકાતા | સાંજે 7 વાગ્યે |
| બીજી સેમી ફાઇનલ | ભારત વિ. ઈંગ્લેન્ડ | 05 માર્ચ | મુંબઇ | સાંજે 7 વાગ્યે |
| ફાઇનલ | હરીફો હજુ નક્કી નથી | 08 માર્ચ | અમદાવાદ | સમય નક્કી નથી |